# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી,જુનાગઢ

**પરિપત્ર:**

**વિષય : ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટીમાં નવા અભ્યાસક્રમ / નવી કોલેજના જોડાણ બાબત.**
**સંદર્ભ : અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક બીકેએનએમયુ/એકેડેમિક/૮૯૬/૨૦૨૧, તા:૧૪/૦૭/૨૦૨૧ અન્વયે.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી, જુનાગઢ દ્વારા કોવીડ -19 ની મહામારીની પરિસ્થિતિમાં રાજ્ય સરકારશ્રી દ્વારા ધોરણ ૧૨માં પરીક્ષા ના લેતા પ્રમોશન આપવા અંગે લેવાયેલ વિધાર્થીલક્ષી નિર્ણય અનુસંધાને ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટીના કાર્યક્ષેત્રના ચાર જીલ્લાઓ (જુનાગઢ,પોરબંદર,ગીરસોમનાથ અને દેવભૂમિ દ્વારકા) માં કોલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક વિધાર્થીઓ માટે અને કોઈપણ વિધાર્થી પ્રવેશથી વંચિત ના રહે તે વિગતે ધ્યાને લઇ વર્ષ: ૨૦૨૧-૨૨ માં નવી (NCTE,BCI,INC,IMC વગેરે કાઉન્સિલ સિવાય) જોડાણ મંજુર કરવા અંગેની નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરવા વિચારણા કરવામાં આવેલ છે. જે અનુસંધાને સ્વનિર્ભર ધોરણે નવા અભ્યાસક્રમ શરુ કરવા માંગતી કોલેજ/સંસ્થા/રજીસ્ટર્ડ ટ્રસ્ટ પાસેથી નીચે મુજબની વિગતે અરજીઓ મંગાવવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ:૨૦૨૧-૨૨ માટે નવી કોલેજ (NCTE/BCI/INC/IMC વગેરે કાઉન્સિલ સિવાય) સ્વનિર્ભર ધોરણે શરુ કરવા અંગે નિયત તા:૨૫/૦૭/૨૦૨૧ સુધી હતી. પરંતુ યુનિવર્સીટી સંલગ્ન સંસ્થાઓ/કોલેજ દ્વારા ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખમાં મુદત વધારી આપવા કરેલ માંગણીને ધ્યાને લઇ માન.કુલપતિશ્રીની આજ્ઞાનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટે સ્વનિર્ભર ધોરણે નવા અભ્યાસક્રમ કોર્ષ શરુ કરવા ઓનલાઈન અરજી કરવા માટેની મુદત **તા:૦૭/૦૮/૨૦૨૧** સુધી લંબાવવામાં આવેલ છે.

**નોંધ:**

(૧) ટ્રસ્ટ/કોલેજ/સંસ્થાએ નવા અભ્યાસક્રમોનાં જોડાણ માટે સેકશન-૪૦ મુજબ / યુનિવર્સીટીનાં નિયમાનુસાર ઓનલાઈન અરજી કરવાની રહેશે.
(૨) શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટે નવી કોલેજનું જોડાણ મેળવવા ઈચ્છતા ટ્રસ્ટ/કોલેજ/સંસ્થાએ ચાલુ શૈક્ષણિક વર્ષ:૨૦૨૧-૨૨ માટે જ સેકશન-૪0માં કરેલ સુધારા મુજબની ઓનલાઈન અરજી ફી રકમ રૂ ૪,૨૫,૦૦૦/-(four lakh twenty –five thousand -rupees) ભરવાની રહેશે.
(૩) અરજી ફી ઓનલાઈન ભરવાની રહેશે તેમજ સંબંધિત દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કરવાના રહેશે.ઓનલાઈન અરજી ફોર્મમાં દર્શાવેલ તમામ જરૂરી વિગતો ફરજિયાત ભરવાની રહેશે.
(૪) અરજી ફોર્મ ઓનલાઈન ભરવા માટેની લીંક http://affibknmu.gipl.net/ અથવા યુનિવર્સીટી વેબસાઈટ ઉપર Academic ——► Affiliation——►Apply Online (Application form for new Affiliation) જઈ ઓનલાઈન અરજી કરી શકાશે.
(૫) સંપૂર્ણ ભરાયેલ અરજી ફોર્મ તમામ સંબંધિત દસ્તાવેજો સાથે હાર્ડકોપીમાં યુનિવર્સીટી એકેડેમિક વિભાગ ખાતે નિયત સમયમાં જમા કરાવવાનું રહેશે.

કા.કુલસચિવશ્રી

નં.બીકેએનએમયુ/એકેડેમિક/૯૮૩/૨૦૨૧
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી,
સરકારી પોલીટેકનીક કેમ્પસ, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી રોડ,
ખડિયા , જુનાગઢ તા: ૦૨/૦૮/૨૦૨૧